(સાહિત્યકાર શ્રી ઉમિયાશંકર ઠાકર લિખિત)

# બાલ સંવાદ

## સંપાદક

જગદીશ ઉ. ઠાકર

**એમ. એમ. સાહિત્ય પ્રકાશન**

**પુસ્તક પ્રકાશક અને વિક્રેતા**

મહાવીર માર્ગ, આણંદ - ૩૮૮ ૦૦૧, તા.જી.આણંદ

**Bal Samvad**

Sr.Umiyashanker Thaker

© જગદીશ ઉ. ઠાકર

પ્રથમ આવૃત્તિ : ૨૦૧૧

નકલ : ૧૦૦૦

**કિંમત : રૂા. ૪૦/-**

**આવરણ**

દિપ્તી ચૌહાણ, બાકરોલ

**સજાવટ**

ગુર્જરી સાહિત્યાલય, ડાકોર

**મુદ્રક**

ચરોતર સાહિત્યાલય, નડીયાદ

**પ્રકાશક**

**એમ. એમ. સાહિત્ય પ્રકાશન**

**પુસ્તક પ્રકાશક અને વિક્રેતા**

મહાવીર માર્ગ, આણંદ - ૩૮૮ ૦૦૧, તા.જી.આણંદ

# સંપાદકીય

માતા પિતા અને શિક્ષકોએ બાળકોના સંસ્કાર ઘડતર માટે વિનય, વિવેક, આચાર વિચાર, નીતિ નિયમો, સંપ સહકાર, એકતાની ભાવના, દેશને માટે કંઈક કરી છૂટવાની તમન્ના તેઓના દિલમાં જગાવવા પ્રયત્ન જરૂર કરવો જોઈએ. પણ આજે ઘરે ઘરમાં ટી.વી. મોબઈલ, કોમ્પ્યુટર, ઈન્ટરનેટ વગેરે આવવાથી બાળકો તેમાં જ રચ્યા પચ્યા રહે છે. જો તેનો પોતાના જીવનને ઉન્નત બનાવવા માટે ઉપયોગ કરી, કંઈક નવું હાંસલ કરે તો જીવન સુખ, શાંતિ અને સંતોષભર્યું બનાવી રહે. નહિ તો પછી તે સાધનોનો ખરાબ ઉપયોગ કરી, ખોટી સંગતે ચઢી, જીવન બરબાદ બનાવી રહે તેવું ન બને તે માટે માતા પિતાએ અને શિક્ષકોએ તેઓને સારા ઘડતર અને સાચા રસ્તે દોરવા સારા પુસ્તકોના વાંચનની બાળકોમાં ભૂખ ટેવ હવે જગાડવી જ રહી.

મેં ખેડા જિલ્લાના અને આણંદ શહેરના ખ્યાત જૂની પેઢીના કવિ, લેખક અને બાળ સાહિત્યકાર ઉમિયાશંકર ઠાકરના પાંચ ભાગમાં બાલ કાવ્ય સંગ્રહો સન – ૨૦૦૭માં પ્રકાશિત કર્યા હતા. તે પુસ્તિકાઓ બાળકો અને નવોદિત સર્જકોને ખૂબ ઉપયોગી બની હતી. અને તેઓ તરફથી ઘણો સારો આવકાર મળ્યો હતો.

આજે તે જ બાળસાહિત્યકાર ઉમિયાશંકર ઠાકરના ૫૦-૬૦ વર્ષ પૂર્વે આકાશવાણી અમદાવાદ–વડોદરા પરથી બાલ નાટિકાઓ, બાલ સંવાદો અને બાલ વાર્તાલાપો પ્રસારિત થયેલા તેનું મેં સંપાદન કરી, બાલ ગ્રંથાવલી શ્રેણી અંતર્ગત પ્રકાશિત કરી, પિતૃઋણ અદા કર્યાનો આનંદ અનુભવું છું.





બાળકો ઉપરોક્ત પુસ્તિકાઓ વાંચે, વિચારે અને આચરણમાં મૂકી, પોતાનું જીવન ઘડતર સંસ્કાર અને વિકાસ કરી, જીવન ઉન્નત બનાવી, સારા નાગરિક બની, અન્યને મદદરૂપ થઈ જીવન સાર્થક બનાવે તેવી અંતરની ઈચ્છા.

**જગદીશ ઉ. ઠાકર**

૩૩ કૃષ્ણ હા.સોસાયટી

૨૨ગામ વિદ્યાલય પાછળ

વલ્લભ વિદ્યાનગર – ૩૮૮ ૧૨૦

ફોન.નં. – (૦૨૬૯૨) ૨૩૪૮૩૩

# લેખકનો પરિચય



**જગદીશ ઉ. ઠાકર** (M.A)
જ.તા. ૨૭ - ૧ - ૧૯૪૧
કવિ, લેખક, લઘુકથાકાર

## સાહિત્ય સર્જન

૧. ગંગતરંગ (કાવ્ય સંગ્રહ)
૨. શ્રદ્ધાંજલિ (સ્વ.પૂ.પિતાશ્રીને)
૩. પુષ્પાંજલિ (શ્લોકો, પ્રાર્થનાઓ)
૪. અધ્યાંજલિ (ભક્તિ કાવ્ય ગીતો)
૫. સ્નેહાંજલિ (ચિંતન ભાવનાત્મક લેખો)
૬. શ્રી શ્રેયસ્સાધક અધિકારી વર્ગ સંસ્થા પરિચય
૭. ગાયત્રી ગીત સાગર (ભજન કિર્તનો)
૮. સ્મરણાંજલિકા (નિત્યપાઠ)
૯. લઘુકથા સંગ્રહ મૌન
૧૦. વાર્તા સંગ્રહ કલ્પના મૂર્તિ
૧૧. ચારિત્ર્ય મહિમા

● બાલ સાહિત્ય ગ્રંથાવલિ અંતર્ગત ●



બાલ સંવાદ

● બાળકાવ્ય સંગ્રહ ●

૧. મધનાં ટીપાં
૨. ઉડતા ફુગ્ગા
૩. મોરનાં પીંછાં
૪. વાદલડી સાથે વાતલડી
૫. ગરવાં ગીત
૬. બાળ નાટિકાઓ
૭. બાળ સંવાદ
૮. બાળ વાર્તાલાપ
૯. દેવોની દુનિયા

# અનુક્રમણિકા


| | | |
|---|---|---|
| ૧. | ગુરુ શિષ્ય સંવાદ | ૧ |
| ૨. | સૂર્ય ચંદ્રનો સંવાદ | ૪ |
| ૩. | વિશુદ્ધ વિચાર | ૧૫ |
| ૪. | આઝાદ અમારો દેશ | ૧૮ |
| ૫. | સ્વદેશ ભક્તિ | ૨૪ |
| ૬. | કામ કરો, કામ કરો | ૩૧ |
| ૭. | રત્નો લૂટારો | ૩૫ |
| ૮. | લાલખાં | ૪૦ |
| ૯. | પરમ પીંજારો | ૪૬ |
| ૧૦ | સ્વાતંત્ર્ય સંગ્રામના સેનાનીઓ | ૫૪ |






## ૧ : ગુરુ શિષ્ય સંવાદ

પૂર્ણ : વંદન કરું છું ભગવાન,
આપને, વંદન કરું છું ભગવાન!

પાસેના પ્રાંતમાં જઈને ઉજાળું,
એવું હૈયે છે ધ્યાન :

આપને, વંદન કરું છું ભગવાન!

બુદ્ધ : સાચું કહું છું તું માન,
બેટા! સાચું કહું છું તું માન.

વ્હાલા પૂર્ણ! મને આનંદ થાયે.
જો દે અજ્ઞાનીને જ્ઞાન.

બેટા સાચું કહું છું તું માન!

પૂર્ણ : (અનુષ્ટુપ) પ્રભો આપો મને આજ્ઞા, જવા તૈયાર હુંય છું,
આશીર્વાદ મળતાં હું, કાર્યસિદ્ધિ ખરે ચહું.

બુદ્ધ : (અનુષ્ટુપ) વાત તારી ખરે સાચી, જેમ બે ને એક ત્રણ,
અંતરે થાય એવું જે, ધ્યાન દેજે કહું પણ –

પૂર્ણ : (અનુષ્ટુપ) ગુરુ કેરી કૃપા માંહ્યો, છે સિદ્ધિ ત્રણ લોકની,
નહિ વિઘ્ન નડે તેને, પણની પરવા નહિ.

બુદ્ધ : (અનુષ્ટુપ) લોકો ક્રૂર અતિ ત્યાંના, નિંદાનાં કરનાર એ;
દેશે ગાળો તું ને ઝાઝી, હદે નિશ્ચય જાણજે.

પૂર્ણ : (અનુષ્ટુપ) મીઠી વાણી કહી આપે, ધન્ય ભાગ્ય ગણીશ હું,
હાથને નહિ ઉગામે, માનીશ શુભ માહ્યરું.

બુદ્ધ : (અનુષ્ટુપ) વસે જ્યાં ક્રોધ ચાંડાળ, માનવી ભાન ભૂલતો,
જ્યાં ચળે ચિત્ત ક્રોધીનું, હાથને ય ઉગામતો.

પૂર્ણ : (અનુષ્ટુપ) વાત છે આપની સાચી, માનું આભાર એહનો;
ઉગામે હાથ છોને એ, પથ્થર નહિ મારતો?

બુદ્ધ : (અનુષ્ટુપ) માન કે હસ્ત ઉગામે, અને પથ્થર ફેંકતો –

પૂર્ણ : (અનુષ્ટુપ) માનું કે એ કરે સારું, લાઠી તો નથી મારતો!

બુદ્ધ : (અનુષ્ટુપ) માનવી શું કરે બીજી ક્ષણે તે કોણ જાણતું?
ઉગામી લાઠીને મારે, તેહ માંય શું ધારતું?

પૂર્ણ : (અનુષ્ટુપ) વાણીને હું શિરે ધારું, મહત્વપૂર્ણ આપની;
કરે ઘા ન શસ્ત્ર કેરો, ચઢાઈ મુજ પે કરી?

બુદ્ધ : (અનુષ્ટુપ) પૂર્ણ બેટા! કહું શું હું? મન કેરી સ્થિતિ ખરે!
હિંસાવૃત્તિ વધે ઉરે, શસ્ત્રથી ઘા કરે ખરે!

પૂર્ણ : (અનુષ્ટુપ) કસોટી રૂપ છે વાણી, ગુરુજી, આપની રૂડી,
માનીશ હું બચાવ્યો છે, કાયને કરી ના પૂરી.

બુદ્ધ : (અનુષ્ટુપ) શસ્ત્રનો ઘા કરે શું તે, કથી કહેવાય ના કશું?
જીવાડે કે કરે પૂરો! જાનથી કહેવાય શું?



પૂર્ણ : (સવૈયા) ભગવન્! જાણું કદાપી કોઈ સાધુ કરતા જીવની હાણ,
આત્મઘાતનું, પાપ વડેરું, એ છે શાસ્ત્રતણું જ પ્રમાણ;

બુદ્ધ : (સવૈયા) વત્સ પૂર્ણ! તેં ઠીક ઝીલ્યો છે.પિતા બુદ્ધ કેરો ઉપદેશ,
અંતરથી આશિષ દઉ છું કે, સાધો શુભ તારું દેવેશ.
સંતો કેરી શુભ આશિષથી, ભારતમાં રહેશે તુજ નામ,
ધર્મ કાર્યમાં મળે સફળતા, જીવ્યું સાર્થક થાય તમામ.

## ૨ : સૂર્ય ચંદ્રનો સંવાદ

દેવપરી :

ભૂલોકનાં રસરસિયાંને
હાર્દિક આમંત્રણ છે.
સ્વર્ગીય દેવાંનાં આજ,
દેવોના આમન્ત્રણે
એકત્ર થાય છે આજ
આકાશી ફિરસ્તા બે.
સૂર્ય અને ચંદ્ર –
દિવાકરને નિશાકરની બેલડી.
સાહિત્યનો શોખીનો
પ્રભાતના પૂજારીઓ
અમૃતના રસિયાઓ
બુદ્ધિના વિલાસીઓ પધારો.
નીરખો અને સાંભળો
એમની અવનવી વાક્પટુતા.





સૂર્ય : ચંદ્રદેવ!

ઠીક મળ્યાં આપણે
પણ તમે રહ્યા નાના
ને હું રહ્યો મોટો.
નાનાનો હક પ્રથમ મનાયો છે વિશ્વમાં.
તો હું ય કાં ન અનુસરું.
એ આદ્ય રીતિને?
સંપૂર્ણપણે સજ્જ થાઓ
વદો ને વર્ણવો
ને બતાવો તમારી લાયકાત.

ચંદ્ર :

ઉપકૃત કર્યો છે આપે
ઔદાર્ય દાખવીને મને સૂર્યદેવ!
મદમાં દીસો છો આપ.
મોટા ને માતેલા સાંઢના જેવા,
પણ એનોય મદ ઉતારે છે મનુષ્ય
નાકમાં નાથ નાખીને
રાત્રિનો હું રાજા
ને કલાધરનો દેવ
શશીને સોમ,
નિશાકર ને ઇંદુ,
મારાં છે નામ વિશ્વે.
ચંચળને ચકોર
સુંવાળો ને લીસો
ઝડપથી ચાલવા વાળો

મૃગનો છે વાસ મારામાં
હું છું નવીનતાનો પૂજારી
નવીનતામાં રાચું છું.
ને સ્વાંગ નવલા ધરું છું નિત્યે
એ તો સર્વ માન્ય છે વીસમી સદીમાં
કે નવીનતા એટલે સુંદરતા.
કોણ કહેશે હું નથી સુંદર?
આભલાનાં અભ્ર અશ્વ છે મારા
ને વિચરું છું વિશ્વે કદી
દેવાને લેવા આનંદની લહરી.
વળી સંતાઉ છું ધન ગુફામાં
ચઢેલા ઉતારવા થાક.
અણસમજુ શું સમજે
મારી આ નવલી ફિલસૂફી?
ને વદશે વાંકેરાં વેણ
કે ચંદ્રદેવ થાક્યા ને પોઢ્યા ધવાઈને
ગોળીએ સાંભળ્યું છે ગળણું
નથી સાંભળ્યું કૂવે ગળણું કદી
શરદની પૂર્ણિમાએ ભાવ વધે છે મારો.
રસિયાં ખેલે છે રાસ
ને લૂંટે છે રૂપેરી ઉજાસના લ્હાવા.





ધન્ય કરે છે ને કરાવે છે જીવનિયાં.
શ્વેતવર્ણા દૂધ અને પૌંઆ
માંહે મીઠી મધુરી સાકર.
ને રસવંતી એલચી
સર્વ મૂકે છે ખુલ્લાં પાત્ર
મારાં ઉજ્જવલ અમૃત રશ્મિમાં,
બનાવે છે દૂધનાં અમૃત
ને રસિયાં લૂંટે છે લ્હાવો
અલૌકિક અમૃતરસ મુજનો
ઠારે છે નયનોને
વધારે છે નયન નૂરને
ને સ્થાપે છે અંતરિયે ટાઢકને
બણગાં ફૂંકતો નથી હું
સોંપ્યાં છે બીજાને ફૂંકવાને એ.
આકર્ષણ છે મારું જબરૂ
પૃથ્વીને ખેંચવાનું
ખેંચું છું મહાસાગરનાં નીરને

ને નદીઓનાં વારિનેય.
એમ ખેલું છું અવનવા ખેલ
ભરતી ને ઓટના.
વદો સૂર્યદેવ હવે આપ
ને વદીએ પછીથી વાદ.

સૂર્ય :

વિસામો લો થોડો આપ
ને હવે સૂણો મારી વાત.
વર્તુલાકાર કોને નથી ગમતો
આ વિશાળ વિશ્વમાં?
હું પણ એ વર્તુલોમાંનું એક
છું અતિ ઉજ્જવલ ને મહાવર્તુલ,
હું છું પ્રબલ ને પુરાણ પ્રસિદ્ધ
ને અંજાઉ કો'ની શે'માં
જે આંજું અગણિતને.
સોળકળાનું મારું તેજ.
ને સૌથી ઊંચાં મારાં રહેઠાણ.
સપ્તમુખી છે અશ્વ મારા રથનો
ને બાળડો સારથિ અરુણ
હાંકે છે મારો સુવર્ણરથ.
ભાસ્કરને દિવાકર,





આદિત્યને આતપ,
અંશુમાલિને રવિ,
ભાનુ ને સવિતૃ,
અર્કા અને સૂર્ય
મારાં છે નામ વિશ્વે.
મધ્યાહ્‌ન સમયે જોયો છે મને
ભલભલાને ભસ્મ કરું બાળીને,
એવો છે મારો તાપ પ્રભાવ.
પછી પલટાવું છું અવનવા રંગ
ને કરું છું નવા જૂની.
સમસ્ત વિશ્વનો હું સ્વામી,
સર્વનો હું પાલક ને પોષક.
ઝાડ, પાન ને વનસ્પતિ
પાક, પશુ ને પંખી,
માનવી ને સૌ કોઈને,
અર્પું છું નવલું ચેતન
ને રાખું છું વિશ્વને ચેતનવંતુ.
હું ન હોઉં તો અંધારાં ઉલેસે સૌ,
ને આવી જાય વાજ.
વીસમી સદીના વૈજ્ઞાનિકોએ

સાહસિકો અને શોધકોએ
શોધ્યાં છે નવાં અજવાળાં,
પણ નથી મળ્યો જોટો
મારા ઉજાસને મળતો.
સર્વોતમ ને સપ્તરંગી મારો છે પ્રકાશ.
ભિનાશનો હું છું શત્રુ
ને સ્વચ્છતાનો છું પૂજારી.
નથી જોયો બ્રહ્માંડે.
મારી સામે ભરનારો બાથ.
મારી પુત્રી પૃથ્વી છૂટી પડી મારાથી.
છતાં પોષું છું એને
કારણ મારો પિતૃધર્મઃ
માવતર કમાવતર થાય એવું.
નથી સાંભળ્યું મે વિશ્વે.
અનર્ગળ ભર્યો છે માલ મારામાં.
છે જીગર લેવાની?
આવો મારી પાસે, સાધો સાધના.
ને મેળવો ઈચ્છિત વસ્તુ
પામો અપૂર્વ શાન્તિને
ચંદ્રદેવ! કલંક છે તમમાં મોટું.
વિચારો એ વાત પહેલી,
નથી તમમાં તમારો સ્વયં પ્રકાશ!



પામો છો મુજમાંથી એ પ્રકાશ.
બરફનાં ગચીયાંને
પીગળાવે છે મારાં કિરણો.
ને વહેવડાવે છે.
નિર્મળ જળની રસનદીઓ.
વહીને મહાસાગરે એ જળ
વિશાળતાને પામે છે આનંદે.
મારા ઉષ્ણ કિરણોથી
રૂપાંતર થાય છે મહાસાગર વારિનું.
એનાં બંધાય છે વાદળ ઊંચે
ઉર્ધ્વ ગતિને પામીને અવતરે છે.
વરસાદ રૂપે એ અવનીએ,
ને પાકે છે અમોલો પાક
સૃષ્ટિના જીવો એ ખાઈને
પોષે છે નિજ નિજનાં તનડાં
ને લૂંટે છે જીવનના અમોલા લ્હાવા.
નથી કરતો શેખી હું
બહુ બોલ્યે શું વળે?
જાણે છે સૌ કોઈ
મારી મોંઘેરી મહત્તાને.

ચંદ્ર :

વાહ! સૂર્યદેવ! વાહ!
ખરી કરી તમે તો!
જગજાહેર છે આપની ઉગ્રતા.
પણ એમાંય સાર કાઢ્યો છે કોણે
આ વિશ્વને વ્યવહારે?
જાણો છો ને ઉગ્રતામાં તો
બળતણ બને છે બાળનાર.
પૂછોને તમારી ધૂંધવાએલી પૂરી પૃથ્વીને.
ક્યાં ગઈ એની ઉગ્રત્વ?
હાં, તે પ્રકાશની કરો છો વાત?
સમજુ ન કરે એવી વાત ગાંડી!
આપ છો ઉષ્ણ
તો હું છું શીતલ.
ક્યાં છે આમાં મિયાં મહાદેવનો મેળ?
આતો પરિવર્તનની છે વાતોઃ
રાત્રિએ મને જોયો છે કદી તમે?
હું નથી એકલો વિચરતો વિશ્વે,
અગણિત તારક સૈન્ય કેરો
છું હું સમર્થ સ્વામી.
કેવો શોભું છું હું તે સમે,
ભૂરા ને અમાપ આકાશે?
આપ તો દીસો છો દિને
એકલા ને અટુલા.
ઉજ્જડ ગામમાં એરંડ પ્રધાન જેવા





હું રહ્યો ઠંડો
પણ ઝરાવું છું ચન્દ્રકાન્ત પથ્થરને!
એના સ્થૂલ દેહમાં
સંચાર કરું સૂક્ષ્મ દેહિનો,
ને લૂંટાવું અલૌકિક લ્હાવા!
બાળકનો હું ચાંદો મામો
જુએ છે તે મને જ્યારે
બને છે એ ગાંડાં ને ઘેલાં.
મોટી બહેન કહેશેઃ
‘ચાંદામામા પોળી,
ઘીમાં ઝબોળી,
મારી બબુના મોંમાં
લબુક લાડવો—
મને જોતાં નથી ધરાયું કોઈ
રસભર્યા કવિજનોએ
કોડભરી કુમારિકાઓએ
વ્હાલ સ્હોઈ બહેનોએ
નથી વર્ણવી વ્રતોમાં ઓછી
મારી મહત્તા વિશ્વે.
એમણે ગાએલાં ને લખેલાં
વખાણ વદું હું મુખે
તો પલટા થાય યુગના.
માટે થોડા શા મીઠા

અતિ સર્વત્ર વર્જયેત્!
એવું છે મહાવાકય
વન્દન હો મારાં લઘુનાં
આપ જેવા ગુરુ બન્ધુને.

દેવપરી :

બન્નેની છે જરૂર.
એક સરખી વિશ્વે.
મથી કો' નાનું કે મોટું
સર્વ છે એક પિતાનો પરિવાર
સર્વનો છે એક સરજનહાર
સર્વનો છે એ પાલક ને પોષક
દોરી છે સર્વની
એના અનુપમ કરકમલમાં

સૂર્ય અને ચંદ્ર :-

સૂર્ય – મે નકામું ઉખેડ્યું ચર્ચાનું પડ.
ચંદ્ર – મેંય ખોટી કરી ચડભડ.
સૂર્ય – આવ ભાઇ ચંદ્ર!
આપણે આનંદે ભેટીએ
ને પછી બનીએ યાત્રી કર્તવ્યપથના

(દેવપરી આશીર્વાદ આપે છે. દેવતાઓ પુષ્પવૃષ્ટિ કરે છે. આકાશવાણી થાય છે.)



## ૩ : વિશુદ્ધ વિચાર

અનિલ : અલ્યા, બટુકડા! જરા અહીં આપને, એક વાત કરું.

પ્રભાકર : તે ભાઇ, તમે ક્યારના મોટા ઝાડ થઇ ગયા? છો તો મારાથીય નીચા! પ્રભાકર કહે તો કેવું સરસ લાગે?

અનિલ : સમજ્યો, સમજ્યો, આ પેલી બાલ સંસ્કાર શાળામાં જવા માંડ્યું ત્યાર્થી આવું શીખ્યો, કેમ ખરું ને?

પ્રભાકર : ભાઇ, એમાં શીખવાનું શું વળી? આપણે જેવું બોલીએ તેવા આપણે દેખાઇએ. જેવી ટેવ પાડીએ તેવી ટેવ પડે. કેમ ખરું ને?

અનિલ : હા, ભાઇ હા. વાત તો મુદ્દાની છે. હવે હું એવું નહિ કહું. બસ.

પ્રભાકર : કંઇ વાંધો નહિ, આ તો સ્હેજ કહ્યું.

અનિલ : ભાઇ, પ્રભાકર મને એક વિચાર આવ્યો છે.

પ્રભાકર : શો વિચાર આવ્યો છે, અનિલભાઇ?

અનિલ : આ ભાગવાને કેટલી મોટી ભૂલ કરી છે?

પ્રભાકર : એવું તો હોય? ભગવાન ભૂલ કરે જ નહિ ને!

અનિલ : ભાઇ, આપણા દૂધિયા તળાવનો ભગવાને દૂધપાક બનાવી દીધાં હોત, ઉપરનાં વડનાં પાનની પૂરીઓ કરી નાખી હોત

અને ટેટાના ગોટા બનાવી દીધા હોત તો કેવી મઝા આવત? એય મઝેથી કૂદતા કૂદતા ખાત ને ખૂબ મઝા થાત. નહિ ભણવાની ચિંતા ને નહિ કામની પીડા.

પ્રભાકર : એથી શો ફાયદો? એમાં આપણું જીવન શું?

અનિલ : જીવન કેમ નહિ?

પ્રભાકર : એથી તો આપણે બેઠાડુ થઈ જઈએ. એમાં આપણો વિકાસ શો?

અનિલ : વિકાસને શું કરવો છે?

પ્રભાકર : વિકાસમાં જ જીવન છે. ભણતરમાં જ વિકાસ અને જ્ઞાન છે. જ્ઞાનથી જ મનુષ્યની કિંમત છે.

અનિલ : વાહ, ભાઈ, વાહ!

પ્રભાકર : અને બેસી રહેવાથી ફાયદો શો?

અનિલ : ફાયદો કેમ નહિ? કેવો સરસ આરામ મળે?

પ્રભાકર : મહેનત વિનાના આરામની મઝાય શી? પછીથી તો લાકડી લઈને આમ ઠચૂક ઠચૂક ચાલવું જ પડે ને!

અનિલ : ખાઈ પીને મોજ કરવામાં ખોટું ય શું?

પ્રભાકર : આપણે ખાવા માટે જ જીવવાનું નથી. પણ જીવવા માટે જરૂર પૂરતું ખાવાનું છે.

અનિલ : વાત ઠીક છે, પણ...

પ્રભાકર : સાચો વિચાર કરીએ તો 'પણ' ની જરૂર નથી. બેઠાં બેઠાં તો શરીરમાં મેદ વધી જાય ને ચરબીય વધી જાય ને રોગનું ઘર બની જાય. એ તો ઢેકો નમાવીને, ખડતલ થઈને કામ કરવામાં



જ શરીરની તંદુરસ્તી સચવાય.

અનિલ : હા, ભાઈ, વાત તો ખરી કહી છે.

પ્રભાકર : તો તો પછી એવા બેઠાડુ અને ખોટા વિચાર જ ન કરવા જોઈએ ને? ખોટા વિચારો કરવાથી પ્રગતિ વિકાસ આપણો થવાનો ખરો?

અનિલ : હા, વિચાર તેવા આચાર, આચાર તેવો વ્યવહાર.

પ્રભાકર : હવે તમે ખરું સમજ્યા. આપણે જેવા વિચાર કરીએ તેવા આપણે થઈએ. સારા વિચારોથી આપણામાં વિનય, વિવેક આવે. આપણું જીવન ઘડતર થાય. ઘડતરથી જ જીવનમાં આપણે આગળ વધી શકીએ. ઉચ્ચ અભ્યાસ કરી શકીએ. સારી નોકરી મળી રહેતાં જીવન ઠરી ઠામ થઈ શકીએ. આનંદ ને ખુશીઓ લહેરાઈ રહે! એટલે વિચારશુદ્ધિમાં જ આચાર શુદ્ધિ છે.

(બંન્ને સાથે ગાય છે.)

દોહરા :

વિચાર સૌથી મુખ્ય છે, કાર્ય તણો કરનાર,
કારણથી કામ જ થતાં, કંઈ ન લાગે વાર.

વિચાર શુદ્ધિ સાધતાં, આચાર શુદ્ધિ સધાય.
આચારે સૌ કામ થઈ, જીવ્યું સાર્થક થાય.

## ૪ : આઝાદ અમારો દેશ

(સંગીતના સૂરો રેલાઈ રહ્યાં છે...)

આઝાદ...આઝાદ...અમારો દેશ!
આઝાદ અમારો દેશ! આબાદ અમારો દેશ! આઝાદ...

જનક : અરે જગતભાઈ! આ અવાજ સાંભળ્યો કે? આઝાદ અમારો દેશ, આબાદ અમારો દેશ! એ આઝાદ એટલે શું?

જગત : ભાઈ જનક, સાંભળ, આઝાદ એટલે સ્વતંત્ર. આપણો ભારત દેશ ઈ.સ.૧૯૪૭ ની ૧૫મી ઓગસ્ટે સ્વતંત્ર થયો. ત્યારથી આપણે આપણા દેશને ''આઝાદ અમારો દેશ'' એમ કરીએ છીએ ને આનંદ ખુશી સાથે જલેબી પેંડા કે ચોકલેટ ખાઈએ છીએ.

જનક : તે હેં જગતભાઈ, તે પહેલાં આપણો દેશ કેવો હતો?

જયંત : લે ને ભાઈ જનક, હું જ તને કહું. એટલું નથી આવડતું? સ્વતંત્ર નહિ એવો એટલે કે ગુલામ. પરદેશી લોકોના ને રાજાઓના આપણે તાબેદાર હતા. એટલે એ જેમ કહે તેમ કરવું પડતું. એ જે જુલમો નાખે તે બધાને દુઃખી હૈયે આપણે સહન કરવા પડતા હતા.





જનક : તે જયંતભાઈ, તેનાથીય પહેલાં આપણો દેશ કેવો હતો તે કહો.

જયંત : જો ભાઈ સાંભળ : (ઝૂલણા છંદ)

વેદ ધ્વનિ આશ્રમે, ઋષિકુળે ગુંજતા,
યજ્ઞનો ધ્રુમ વરસાદ પ્રેરે;

શ્યામ ધન ગરજતાં મયુર કેકા કરે,
હરિણ ચરતાં તૃણાંકૂર લ્હેરે;

દૂધ દહીં સુખ સરિતા, વહી મલપતી,
ભવ્ય ભારતતણી મધુર ગોદે;

સઉ ઉરે ઝરતી'તી ઝરણી ઔદાર્યની,
દેવગણ અવતરણ ઈચ્છે મોહે;

જનક : અને પછી શું થયું? જયંતભાઈ!

જયંત : પછીથી તો છેલ્લાં હજારેક વર્ષથી મુસલમાનો આવ્યા. ચારસો વર્ષથી મોગલો આવ્યા ને બસો વર્ષથી અંગ્રેજો આવ્યા ને —

મંદ્રાકાન્ત :

વાયો ઝાઝો અનિલ હિમ શો વ્યગ્રતા ક્રૂર કેરો!
ના કૈં દીઠો કલરવ મીઠો, સ્રોત કેરો અનેરો!
જીર્ણ શીર્ણ થઈ રહી અહિં સા તણી પાંખ પેલી!
મુક્તિ ભૂલી શબવત જીવ્યા પિંજરે ક્ષુદ્રતાના.

જનક : પછી શું થયું હવે?

જયંત : પછીથી તો છેલ્લાં ઘણાં વર્ષોથી પૂ.બાપુજીએ સત્યાગ્રહની લડતો ચલાવી. ને પછી આઝાદી મેળવી. વિરાટ ભારત જાગ્યો. આપણે આપણું રાજ્ય ચલાવીએ એવું. પ્રજાની સત્તાથી ચાલતું રાજ્ય થયું. આપણે આપણામાંથી યોગ્ય માણસોને ચૂંટીને

તેમના દ્વારા રાજ્ય ચલાવવા માંડ્યું.

જનક : વાહ! વાહ! આપણું રાજ્ય? આપણે જ ચૂંટીએ ને આપણો રાજ્ય કારભાર ચાલે એ તો બહુ સરસ. તે પછી ભારતમાં શું થયું?

જયંત : પછીથી તો ભારતમાં પંચવર્ષીય યોજનાઓ શરૂ થઈ. એક પૂરી થઈ. બીજી યોજના ય પૂરી થઈ ને ત્રીજી એમ કામ ધોમધોકાર ચાલે છે.

જનક : તે એ યોજનાઓ કરીને એમાં કરવાનું શું શું?

જગત : જો ભાઈ જનક! સાંભળ. જયંતને બદલે હવે હું જ તને બરાબર સમજાવું. આ યોજનાઓમાં તો દેશની રોનક ફરી જાય એવાં બહુવિધ કાર્યો કરવામાં આવે છે. જેવાં કે –

અનુષ્ટુપ

સિંચાઈ યોજના અંગે, કાર્ય વૈવિધ્ય ભારતે–
લેવાયે હાથમાં હેતે, સરિતાઓ તણે તટે.
એટલે એને માટે તો –

અનુષ્ટુપ

ભારતમહીં નિર્માણ નવલું ખૂબ ખંતે ચાલતું,
વિધવિધ નદીના જલપ્રવાહે બંધથી કામ જ થતું.
પ્રાન્ત ઊડીસાની મહાનદીએ હીરાકુંડ યોજના,
મદ્રાસની કાવેરીમાં લોઅર, ભવાની યોજના.
કૃષ્ણા નદીની ઉપરે નાગાર્જુન નીર આંતર્યું,
ચંબલ નદીએ ગાંધી સાગર બંધથી મનડું હર્યું.
કૃષ્ણા નદી પાસે સતારા કોયના બંધ ખીલે,



શોણ નદી મિર્જાપુરે રિહન્દધારા નીર ઝીલે.

જનક : વાહ! ભાઈ વાહ! આ તો મહાભારત કામો કહેવાય!

જગત : હા, જનક! આવી તો બંધ બાંધવાની અસંખ્ય યોજનાઓ ઠેર ઠેર ધમધોકાર રીતે ચાલે છે. બિહારમાં મયૂરાક્ષી નદીનો બંધ, મૈથાન બંધ, કોનાર બંધ વગેરે બંધો અનાજના ઉત્પાદનને અર્થે થયા છે. મ્હૈસુરમાં તુંગભદ્રાની યોજના થઈ ગઈ અને પંજાબના હોશિયાપુર જિલ્લાના નાંગલગામની પાસે નાંગલબંધ અને ત્યાંથી આઠ માઈલ દૂર ભાખરાબંધ આખી દુનિયામાં સૌથી મોટો ગણાય.

હરિગીત :-

સાતસો ચાલીસ ફૂટ ઊંચાઈ છે આ બંધની,
લંબાઈ સત્તરસો ફૂટની ખીણ વચ્ચે આંતરી,
સાઈઠ ચોરસ માઈલ વિસ્તાર પાણીનો થશે,
ને બાવીસસો નહેરો તણી લંબાઈ હશે.

જનક : અધધધ! આટલો બધો મોટો બંધ! વાહ,વાહ! પણ આપણા ગુજરાતમાં એવું કંઈ ખરું કે?

જગત : ખરું, ખરું, ગુજરાતમાં કેમ ન હોય? આપણો ગુજરાત તો પૂ.બાપુજીને સરદાર પટેલની કૃપાથી સર્વ કામમાં આગળ પડતો જ છે. જો સાંભળ –

હરિગીત :-

ગુર્જર પ્રદેશે નર્મદાની યોજના સુદૃઢ થતી,
કૈં રાજપીપળાના નવાગામે સઉ શક્તિ જતી,
સિંચાઈ કાજે જળ અને વીજળી તણી શક્તિ થશે,

દુઃખ દૂર થઈ નિર્માણ નવલે માનવી મન રીઝશે.
ઉકાઈ કેરી યોજના આ છે અતિશે રસ ભરી.
ઉંચાઈ ત્રણસો પિસ્તાલીસ ફૂટની જેની ભલી,
કૈં યોજના ભાદર તણી મહી તાપી કેરી પણ થઈ
વાંસવાડા ને કડાણા યોજના પણ થઈ ગઈ.

જનક : સરસ, સરસ, ઘણું જ સરસ. આ સિવાય બીજાં ક્ષેત્રોમાં આપણા આઝાદ દેશે કંઈ કર્યું છે કે?

જગત : હા,હા, જનક! કેમ નહિ?

હરિગીત :-

ગ્રામ કેન્દ્રો નિશાળો ને મંડળો ખેતી તણાં,
પંચાયતોના સંઘથી રહેશે ન હિંદે કંઈ મણા!
દેશ મારો, કામ મારું, માનીને સહકારનાં –
દેશ નંદનવન બને ને રામરાજ્ય લહાય હા!

અને આપણી આઝાદ સરકારે તો પ્રાથમિક શાળાઓમાં બાળકોને મફત કેળવણી અને બપોરના ભોજન માટેની સુંદર ગોઠવણી કરી છે. સેંકડો નવી શાળાઓ ખોલી છે. વાર્ષિક બારસો રૂપિયાની સુધીની આવકવાળાં કુટુંબમાં માધ્યમિક શાળાઓમાં ભણેલાં વિદ્યાર્થી વિદ્યાર્થીઓને પણ મફત કેળવણી મળે તે માટેની યોજના શરૂ થઈ છે.

જનક : અને જયંતભાઈ આથી કંઈ બીજું વિશેષ ખરું કે?

જયંત : હા ભાઈ જનક! જો હવે તો વિવિધ પ્રકારના ઉદ્યોગ ધંધોઓને ઉત્તેજન આપવામાં આવે છે. નાણાંની બચત યોજનાઓ થઈ છે. ગ્રામ વિકાસની યોજનાઓ થઈ છે. હાથશાળ, કાંતણ, ઢોર ઉછેર મત્સ્ય ઉદ્યોગ, હવાઓ, ખાતરો, લોખંડી સામાન,





યંત્રો વગેરેનું ઉત્પાદન પ્રતિ વર્ષે વધતું જ જાય છે.

જનક : ખરું ખરું જયંતભાઈ! પણ હવે આપણા દેશનું ભાવિ કેવું હશે?

જગત : (શાંર્દૂલવિક્રીડિત)

કાર્યોમાંહી ભળંત ભાવ વિધ્ધ્નુ શા,
આનંદ છોળો વહે,

ગાશે વિશ્વ સમસ્ત ગુણ તપના,
ઊષા નભે ઊગશે;

દેવાતાં નિજ ખૂન ખાતર ખરે,
ચાસ ચમન ખીલંતા –

ગાશે ગીત મધુર બુલબુલસડાં,
દૈવી ચણો ચૂગતાં,

ભ્રાતૃભાવ સુસ્નેહ, ભક્તિ ભરીને
માંગલ્ય પામો કહું.

થાશે દિવ્ય સુવર્ણ શા અરૂણશી
લાલીભરી કાય સોહે,

વ્હેશે દૂધ દહીં અને મધુ તણી,
ઝરણી અમોલી અહીં,

થાશે ભારત દીપ આ જગતનો,
આનંદ લ્હાવા લઈ.

બોલો – આઝાદ ભારત આગે બઢો! આગે બઢો!
આબાદ ભારત આગે બઢો! આગે બઢો!

## ૫ : સ્વદેશ ભક્તિ

બોલો – શ્રી સત્યનારાયણદેવકી જય.
શ્રી ભારતી માતકી જય
શ્રી રાષ્ટ્ર દેવકી જય
હર...હર...મહાદેવ.

અનુષ્ટુપ :-

પહેલા ગણપતિ વંદુ, ગુરુદેવ નમું નમું!
ભારતીદેવીને વંદુ, રાષ્ટ્રદેવ, નમું નમું!
દેશ ભક્તિ સમો, ગુણ ભર્યો જે તનું અંતરે,
વારણાં લઈને વંદુ, દેશપ્રેમી વીરો! ખરે.

ભક્તિ પ્રેમી શ્રોતાજનો,

ભક્તિનું માહાત્મ્ય અવર્ણનીય છે. ભક્તિના પ્રકાર પણ ઘણા છે. જેવા કે પ્રભુભક્તિ, માતાપિતાની ભક્તિ, રાજ્ય ભક્તિ, દેશભક્તિ, સ્વામીભક્તિ વગેરે. અને ભગવાને ય ભક્તિથી રીઝે છે. યુગે યુગે ભક્તિનો પ્રકાર પણ બદલાય એ સ્વાભાવિક છે.

આપણા એક કવિએ તો કહ્યું છે કે –

''ભક્તિ શિશતણું સાટું રે,
આગળ વસમી છે વાટું.





ખરેખર ભક્તિનું કામ એ શિરને સાટે છે. એ તો તલવારની ધાર ઉપર ચાલવા સરખું છે. એવી ભક્તિથી તો તરી ગયા વિશ્વને ત્યાગી અને સંસારી. ભક્તિ તો અમૃત કૂંપી છે.

આપણાં પુરાણો, ધર્મશાસ્ત્રો અને ઈતિહાસમાં દેશભક્તિનાં અનેક દૃષ્ટાંતો આપણે જોઈશું. દેશને માટે બલિદાનો દેવાયાં છે. એનાં ઉત્કર્ષને માટે પોતાનું સર્વસ્વ અર્પણ કર્યાના દાખલા પણ આપણી જાણ બહાર નથી. દેશનાં માનવોની દેશભક્તિથી જ દેશ ઉજળો છે.

એવા એક ત્યાગવીર, દાનવીર અને સ્વદેશ ભક્તિથી ભરપૂર કારભારી ભામાશાની કથા આપણે જોઈએ.

મેવાડનો રાણો પ્રતાપસિંહ સાચો ક્ષત્રિય હતો. ક્ષત્રિયવરનો એ કલશ હતો. રાજપૂતાઈનું એ હીરને નૂર હતો. ટેકને ખાતર, પોતાની માતૃભૂમિની ભક્તિને ખાતર એણેય ઘણાં કષ્ટો સહન કર્યાં. શૂરા બાવીસ હજાર સૈનિકોને લેઈને એ હલદીઘાટના યુદ્ધમાં લઢ્યો. એમાં ચૌદ હજાર સૈનિકો માતૃભૂમિને માટે ખપી ગયા. રહ્યા માત્ર આઠ હજાર સૈનિકો, પણ તેમનું પોષણ કેવી રીતે કરવું એ જ એક મહાન પ્રશ્ન હતો. કારભારી ભામાશા પણ છૂટો પડી ગયો હતો.

વીર પ્રતાપની દશા એક ભિખારી કરતાં પણ કફોડી થઈ ગઈ. એક ટંકના ખાવાનાં સાંસા પડવા લાગ્યા. જંગલે જંગલે એ વીરનરને ભટકવું પડ્યું. ખિન્ન હૃદયે પ્રતાપ વિચારે –

(સવૈયા)

પ્રજા માહ્યારીનું દુઃખ મુજથી,
જતું નથી દેખ્યું આ આંખ;
મરુભૂમિ મેવાડ રડે છે.
તૂટી ગઈ સઉ મારી પાંખ...(૧)
ક્ષત્રિયવટ મારી કયમ રહેશે?
પ્રતિજ્ઞા મુજ રહેશે કેમ?
સૈનિકના પોષણ અર્થે,
નથી હાથમાં કોડી એક?...(૨)

''ચાલ, જીવ, મનના મનોરથ હવે મનમાં જ રહી જવાના. સિંધ તરફ જાઉ ને દેહના દંડ ત્યાં પૂરા થાય તો પૂરા ભોગવી લેઉ.''

છેવટે પ્રતાપ સિંઘ તરફ જાય છે.

દેશભક્ત ને રાજયભક્ત ભામાશાને ખબર પડે છે કે વખાનો માર્યો મારો રાણો પ્રતાપ મેવાડને તજીને બીજે સ્થળે ચાલ્યો જાય છે. એનો ભક્તિભાવ સતેજ થયો. એનાથી એ શે સહન થાય?

ભામાશા વિચારે છે –

હાં...રે રાણો દેશ તજીને જાય,
ઊગ્યાં દુઃખ ઝાડવાં રે.
કારભારી હું ને ધિક્કાર,
ના'વ્યો હું કંઈ કામમાં રે...(૧)
ધિક્ક ધન અને મુજ ધામ,



જીવતર ધિક્ક માહ્યારું રે,
રાણો દુઃખી, ભોગવું શેં સુખ?
મન નથી માનતું રે...(૨)

પરમાત્મન! મારા રાણાની આ દશા! મારા દેશની આ કેવી સ્થિતિ! ગર્જના કરતા મારા વિરલા દેશબાંધવો શું ગરીબડા બની રાણા વિહોણા થઈ જશે? મેવાડ! પ્યારા મેવાડ! હું કેમ જીવું છું. તે જ મને સમજાતું નથી. મે બચત કરેલા પૈસા શા કામના છે. જો તે મારા રાણાના કામમાં ન આવે તો? મારા દેશના કામમાં ન આવે તો મારી બધી દોલત શા કામની? નહિ નહિ, એમ નહિ થાય. ચાલ જીવ, પુરુષાર્થ કર. પુરુષાર્થને શું નથી મળતું? હવે તો હું ભામાશા, રાણાને શોધી કાઢીને જંપીશ.''

મારતે ઘોડે, વિસામો લીધા સિવાય, એ શાહ ભામાશા ચાલ્યો જાય છે. નથી એને ઊંઘની પડી. નથી એને ઉજાગરાની. નથી રહ્યો એ ખાધાનો કે પીધાનો, એને હૈયે તો બસ એક જ તાન છે.''રાણાને શોધી કાઢું, રાણાને રોકું ને મારાંથી બનતી રાજાભક્તિને દેશભક્તિ બતાવીને આ દેહનું કંઈક સાર્થક કરું.''

''અરે! આ તો રાણાનો પ્રદેશ આવ્યો. એ જનારભાઈ! જરા કહેશો આ ક્યો પ્રદેશ છે?'' રસ્તે જતો પેલો માણસ કહે, ''ભાઈ! આ દેખીતી ઝાડી પૂરી થશે, પછી સિંધનું રણ આવશે. કેમ કાંઈ આટલા બધા શ્વાસ ભર્યા લાગો છો? બિચારો ઘોડો બેહાલ થઈ ગયો છે! અને તમારે શરીરે આટલી બધી ધૂળ શી?''

ભામાશા : ભાઈ, હું મારા રાણાને શોધું છું. વખાના માર્યા પ્યારા પ્રતાપરાણાએ રાજધાની ને રાજપાટ છોડીને આ તરફ આવ્યા છે. તમે કાંઈ ભાળ આપો તો સારું. ભગવાન તમારું ભલું કરશે.

પેલો માણસ : જુઓ, ભાઈ આમ જરા વાંકાવળીને ઉગમણે રસ્તે જાવ. ત્યાં ઝાડીમાં કોઈ દુ:ખી જીવ તમે કહો છો તેવો જ વલવલાટ કરી રહ્યો છે. તે તમારો રાણો હોય તો?

ભામાશા ઉત્સાહમાં આવી ગયો. એ બતાવેલ રસ્તે આગળ ચાલ્યો. રસ્તામાં ભામાશાએ ખૂંદાએલું ઘાસ જોયું. કંઈક અવાજે ય સાંભળ્યો. જઈને જુએ છે તો પ્રતાપ, ભામાશા, પ્રતાપને પગે પડ્યો.

ભામાશા : ‘‘મારા રાણા! તમારી આ સ્થિતિ! મને જાણ થતાં હું તમારી શોધમાં નીકળી આવ્યો છું. હું મોડો તો નથી પડ્યો ને?

રાણો : મારા વહાલા, કારભારીને આ અંતીમ સમયે મળતાં ને ભટતાં મને આનંદ તો થાય છે, પણ હવે શું? ‘‘જબ ચિડિયા ચુગ ગઈ ખેત’’?

ભામાશા : રાણાજી, એમ કેમ બોલો છો?

રાણો : હવે, ભાઈ, કોઈ કોઈને મદદ કરે તેમ નથી. બાદશાહનું શરણું લેવું ને ગુલામી વહોરી, રાજપૂતાઈને ગુમાવવી એ મને પોષાય તેમ નથી. હવે આબરૂ સચવાય તેમ નથી. દેહના ધર્મ ત્યજીને જીવવા કરતાં તો દેશવટો સારો. મારી પાસે નથી માણસો કે નથી ધન દોલત? નથી હૂંફ કે કોઈ તેજરેખા! મદદ કરનારાય હવે ક્યાં રહ્યા છે? કોઈ સલામત જગ્યાની શોધમાં હું આ તરફ આવ્યો છું. ભલાભલી પૃથ્વી પડી છે. હવે તો જ્યાં જોગ ખાશે ત્યાં જ મારું આયખું પૂરું કરીશ.

ભામાશા : મારા રાણા, હું આ શું સાંભળું છું? તમને આવું બોલવું ન શોભે? હજી હું મરી પરવાર્યો નથી. તમે તો મારા અન્નદાતા. મારા દેહના માલિક તમારું જ અન્ન હું ખાઉ છું. મા મેવાડનો જ છું. હું બાળક છું. મારી પાસે જે કંઈ મૂઠી ધન





છે. તે આપનું જ છે, રાજનું જ છે. જો કે હવે મારી વૃદ્ધાવસ્થા થઈ છે તેથી લડાઈના મેદાનમાં હું ઝાઝું શૂરાતન કદાચ ન દાખવી શકું છતાંય હું એક વખતનો આપનો યોદ્ધો છું. વળી મારી પાસે થોડું ધન...તે આપને ચરણે હું ધરવા માગું છું. આપ તેનો સ્વીકાર કરીને તેનાથી મેવાડ માતાનું જેટલું રક્ષણ થાય ને જેટલી ટેક સચવાય તેટલું કરો. આપ મેવાડ તરફ પાછા પધારો. આ ગરીબ સેવકને કૃતાર્થ કરો.

પ્રતાપ : ભાઈ ભામાશા, તારું કહેવું ખરું છે. તારી વાણી સાંભળીને આ હૈયું પુલકિત થાય છે. હું મારી જાતને ય ધન્ય માનું છું કે આવા દેશભક્તો ને રાજભક્તો હજી જીવે છે. પણ એટલાથી હવે શું થાય?

ભામાશા : નથી ગઈ બાજી હાથમાંથી, મારા રાજવી, એમ હિંમત હાર્યે કેમ ચાલશે? ઈશ્વરની કૃપાથી મારી પાસેની ધન દોલતમાંથી, પચીસ, હજાર માણસોનું કે સૈનિકોનું આપ બાર વર્ષ સુધી પોષણ કરી શકશો. એ સર્વ તુચ્છ ચીજોને હું આપને ચરણે ભેટરૂપે ધરું છું.

પ્રતાપ : શું કહે છે, ભામાશા? શું તું સાચું કહે છે? મેવાડ માતાનો જયવારો થશે. આવ, મારા વીર! મને ભેટી લેવા દે. તેં તો ખરે ટાણે રંગ રાખ્યો, રંગ તારી દેશભક્તિનો ને રાજ્યભક્તિનો જોટો ન જડે!

અત્યારે આપણાં ભારતમાં ય આવી કટોકટીનો પ્રસંગ આવીને ઉભો રહ્યો છે. ભારત સરકારે બીજી પંચવર્ષીય યોજનાનાં મંડાણ માંડ્યાં છે એ યોજનામાં વિધવિધ કાર્યો કરવાને અંગે નાણાંની જરૂર છે. દેશમાં રહેતા બાંધવોને સુખ સગવડ મળે એવો તેનો હેતુ છે. એ હેતુને પૂર્ણ

કરવાને માટે સર્વના સહકારની પણ એટલી જ જરૂર છે.

ભામાશાએ બચાવેલી મૂડીને દોલતને બદલાની આશા રાખ્યા વિના રાણાને ચરણે ધરી દીધી હતી. આપણી આઝાદ સરકારે ય નાણાંની બચત યોજના કરી છે. એ બચાવેલાં નાણાં એ મહાન કાર્યમાં આપીને દેશને મદદ કરીને આપણે આપણી દેશભક્તિ માટેની ફરજ બજાવવાની છે. એ યોજનામાં રોકેલા પૈસાનું વ્યાજ પણ મળવાનું છે. થોડું થોડું બચાવીને તેની પોસ્ટમાંથી ટિકિટો લેઈને, પાંચ રૂપિયા જેટલી તે થતાં તેનું કેશ સર્ટિફિકેટ પણ લઈ શકાય. આમ કરવાથી દેશને મદદ કરી શકાશે. દેશના ઘડતરનું કામ થશે. પૈસા સચવાશે. એક પંથ ને વિધવિધ કાર્યની આ યોજનાનો લાભ સૌએ ફરજ સમજીને લેવો જોઈએ.

ભામાશાએ તો દેશને ખાતર, વીર પ્રતાપને ચરણે પોતાનું સર્વસ્વ અર્પણ કર્યું હતું. આપણે તો દેશને કટોકટીને સમયે મદદ કરીને, દેશભક્તિ દર્શાવવાની છે. અને છેવટે મદદ કરેલી રકમ લગભગ દોઢી થઈને પાછી પણ મળવાની છે.

એ તો કહેવત છે ને કે ''એક હાથે તાળી ના પડે.'' ઝાઝા હાથ રળિયામણા'' ''બહુતન્તવો બલવન્ત.'' માટે –

હૈયે દેશભક્તિ ભરીને
રાષ્ટ્રને સહાય તું કરી લે (ટેક)
ભામાશા ભંડાર દઈને દેશભક્તિને ચહે,
રાષ્ટ્રતણી મિલ્કત દૈ રાષ્ટ્રે, પ્રતાપ પક્ષે રહે...હૈયે.
બચત તણી યોજના થઈ છે, ધનને બચાવી લે,
રાષ્યટ્ર હિતમાં રોકી તેને, ત્રિવિધ સુખડાં લે...હૈયે.
શું લાવ્યાં, શું સાથે લઈને, જાશો તે કૈં કહે,
ભક્તિભાવ ભારતમાં ભરીને, જીવતર જીવી લે...હૈયે.

(બોલો રાષ્ટ્ર દેવકી જય ભારતમાતાની જય : શક્તિમાતકી જય)





# ૬ : કામ કરો, કામ કરો

સ્થળ : ગામનું પાદર, સમયઃ પ્રભાતનો

(રમતિયાળ રમણ નિશાળે જવા નીકળ્યો છે, ચડ્ડી, ખમીશ પહેર્યાં છે. ખભે દફતર ભરવ્યું છે.)

રમણ : આ તો તોબા, સવાર થાય છે ને મારે નિશાળે જવું પડે છે. પેલાં પંખીઓ કેવાં મોજથી ભમે છે ને રમે છે! હું ય રમું તો કેવી મઝા આવે? ચાલને કોઈ ભાઈબંધ શોધી કાઢું :-

ચકલીને જોઈને

ઓ ચકીરાણી! ઓ ચકીરાણી, જરા ઊભાં તો રહો. આમ શું ઊડાઊડ ને ફઈડાફઈડ કરો છો!

ચકીરાણી : (સવૈયા)

રમણભાઈ! હું બેસી રહું તો જીવતર જાય પાણીમાં,
ફક્કડ મારો માળો કાલે, ઊડી તણાયો પાણીમાં.
ઘાસ, ચીપા ને રૂના તાંતણા, અહીંતાંહી શોધું છું,
મારો માળો બનાવવાને ઉતાવળે હું દોડું છું.

રમણ : અરે! આ ચકીરાણી તો ઊડી ગઇ, લાવને પેલી ખિસકોલીની જ સોબત કરું : (ખિસકોલી તરફ લાંબો હાથ કરીને)

અરે ખિસકોલી બહેન, ઓ ખિસકોલી બહેન જરા ઊભાં રહોને, આમ દોડ્યા શું કરો છો?

ખિસકોલી : (સવૈયા)

હું તો જાઉ મારે કામે, ચણ ચણવાને કાજે,
દોડું નહિ તો ભૂખે મરું ને જાત જ મારી લાજે.
રામતણું હું વહાલું પ્રાણી, ઉદ્યમ મારો ધંધો ખાસ,
બીજા કોઇને કહેજો એવું, વખત નથી કાંઇ મારી પાસ.

રમણ : વાહ! ભાઇ વાહ! શો રુઆબ છે! મોટી કામગરી ના જોઇ હોય તો! દોઢ ડાહ્યલી! ટાયલી! (મધમાખીને જોઇને) પેલી મધમાખી ઠીક છે. લાવને એની સાથે જ ભમું. કેવી ચકચકતી એની પાંખો છે? અરે મધમાખી બહેન, ઓ મધમાખી બહેન! જરા ઊભાં રહોને. આવોને આપણે નવી નવી વાતો કરીએ ને મોજ કરીએ.

મધમાખી : (સવૈયા)

મધમાખી હું નાનકડી છું, છતાં નકામી કેમ ભમું?
મધચૂસી ભેગુ કરવાના કામમહીં હું ફરજ ગણું,
સવાર કેરો સમયે મઝાનો, કામકાજને કરવાનો,
જગે જન્મીને ફરજ બજાવી માણસાઇને રળવાનો.





મધમાખી બંન્ને પાંખો ફફડાવતી ઊડી જાય છે. રમણ આગળ વધે છે. વચ્ચે વહેતી નદી આવે છે, તેને જોઇને.

રમણ : નદી મોરી માવડી! તું તો ઊભી રહે.

નદી : (સવૈયા)

વખત વહે છે કીમતી કેવો? મારે વ્હેવું એની સાથે,
દૂર દરિયાને મળવા માટે બીજો રસ્તો ના'વે હાથ;
અડચણ આવે રસ્તે જતાં, પહાડ શિલાને ખીણ તણા,
તો યે હસતે મુખડે જાઉ, એ છે મારી સમજણમાં.

નદી ચાલી જાય છે. એટલે રમણ એકલો રહે છે. એ ઊંચે આકાશ તરફ જુએ છે તો સૂરજદાદા દેખાય છે, એમને જોઇએ.

રમણ : દાદા, ઓ સૂરજદાદા! તમે જરા ઊભા રહો. આ બાળુડાની સાથે જરા ખેલતા તો જાઓ. ઊભા રહેશો તો કંઇક આરામેય મળશે ને થાકે ય ખવાશે.

સૂરજદાદા : (સવૈયા)

રમણ, રમતનો વખત નથી આ, સૌનેરી અવસર કહેવાય.
કામ કામને કામ જ કરીએ, એમાં સઉ શોભા દેખાય;
જો રમવા હું બેસી જાઉં, તો તો વણસે જગનું કાજ;
કાળ બપોર અને સંધ્યાના થાએ કેવી રીતે આજ?

સૂરજદાદા ચાલ્યા જાય છે. એમને ગોળ ગોળ ફરતાં ચાલ્યા જતા જોઈને રમણને વિચાર આવ્યો. એક આંગળી ઊંચી કરીને એ બોલવા લાગ્યો.

રમણ : (સવૈયા) હાં,

કોઈ નકામું રખડે નહિ ને સૌને દીસે નિજનાં કામ,
તો હું શાને ગામ ગાંદરે, રખડું ખાલી વિના કામ?!
ચાલ, જાઉં હું નિશાળમાં ને કામ કરું ભણવા કેરું,
વ્હાલા બાળક! તમને કહું છું, ભણજો સર્વ ઝાઝેરું.

રમણ કૂદતો કૂદતો ને ચપટી વગાડતો વગાડતો નિશાળે જાય છે. (પડદો પડે છે.)



# ૭ : રત્નો લૂટારો

પ્રથમ પ્રવેશ

સ્થળ : વનનો રસ્તો

સમય : પ્રભાતનો

નારદ ઋષિ જતા હતા. પીળું વસ્ત્ર પહેર્યું હતું. માથે જટામાં ઊંચી શિખા ડોકિયાં કરતી હતી. ખભે વીણાની દોરી ભરવેલી હતી. એક હાથમાં કરતાલ ને બીજે હાથે એ લટકતી પીણા વગાડતાં, પગમાં પાવડીઓ ને ખભે ઉપવસ્ત્ર.

નારદ : ગાતા ગાતા જાય છે.

નારાયણ તું બોલ, મનડા, નારાયણ તું બોલ.
સકલ જગતનો તારકમંત્ર,(૨) નારાયણ છે અમોલ;
મનડા નારાયણ તું બોલ.
પ્રભૂ ભજે નહિ તેનું જગમાં,(૨) જીવ્યું પોલં પોલ;
મનડા નારાયણ તું બોલ.
સર્વ શરીરમાં પ્રભુ વચ્ચે, એનો(૨) પ્રભુ વગાડી ઢોલ;
મનડા નારાયણ તું બોલ.
જન સેવામાં મારી સેવા કહે(૨) પ્રભુ વગાડી ઢોલ
મનડા નારાયણ તું બોલ.

મને ભજે તે મારો છે એ(૨) નારાયણનો કોલ;
મનડા નારાયણ તું બોલ.

અચાનક એક લૂટારો કૂદતોક ને પ્રવેશ કરે છે. એણે ખભે બાણનો ભાથો ને તીરકામઠું ભરવ્યું છે. એક હાથમાં ભાલો છે. ઢીંચણ સુધીનું પોતિયું પહેર્યું છે. કેડે ભેટ બાંધી છે. ભેટમાં છરો છે, ગળામાં માદળિયું છે.

લૂંટારો : (રૂઆબથી) (આંખો ને માથું ઊંચું રાખીને) અલ્યા, સાધુડા, ઊભો રહે, ક્યાં જાય છે? તારી પાસે જે કાંઇ હોય તે મને હમણાં જ આપી દે, નહિ તો મૂઓ જ જાણજે.

ઋષિ : તું કોણ છે?

લૂટારો : શું તું મને રત્નાને નથી ઓળખતો? હું છું ભીલોનો રાજા ને વનનોય રાજા. અહીંથી કોઇ લૂટાયા વિના જઇ જ ન શકે ને? જમનો પેરોય અહીં શી વિસાતમાં છે? ચાલ જલદી કર.

ઋષિ : હાં, હવે તો તને ઓળખ્યો. ના કેમ ઓળખું? લોકોને મોંઢેથી મેં તારું નામ અને કામ બંન્નેય સાંભળ્યાં છે.

લૂટારો : ત્યારે તો લોકોમાં મારી બોલબાલા છે ને. મહારાજ? કેમ, લોકોમાં બંદાનો ડંકો કેવો વાગે છે? એ તો ખરા શેર દેખે ત્યાં તો ભલભલા મૂછાળાય નમી પડે! કેમ ખરું ને?

ઋષિ : રત્ના, એમ મારાથી ખરું કેમ કહેવાય? દુનિયાની અનેક બાબતોથી ગૂંચાએલો માનવી, હિંમત ન રાખી શકે અને તને નમતું આવે એમાં તે શી બહાદુરી? બિચારાં હિંમત અને હથિયાર વિનાના માનવી શું કરે?



લૂટારો : તેમાં હું શું કરું? થઇ જાય સામો. ‘‘બળિયાના બે ભાગ’’ વાળી કહેવત શું તમે નથી જાણતા?

ઋષિ : ભાઇ રત્ના, હું તો બધુંય જાણું છું. પણ એ કહેવત પૂર્ણ સત્ય નથી. બળિયાએ તો નિર્બળનું. રક્ષણ કરવું જોઇએ! એમાં જ એની શોભા.

લૂટારો : હું એમ કરતો ફરું તો ઘરનાં માણસોનું કોણ ભરણ પોષણ કરે? શું તમે પૂરું કરશો?

ઋષિ : રત્ના, એ તો આડી વાત થઇ. બીજાની લાગણી દુભવીને તેને લૂંટી લેવાં એ તો પાપનું કામ કહેવાય!

લૂટારો : પાપ બાપમાં અમે કાંઇ ન સમજીએ. પાપ એ શું વળી? તમારો ધંધો વગાડી ખાવાનો, ભીખ માગવાનો ને પેટ ભરવાનો. મારાથી કાંઇ થોડી જ ભીખ મગાવાની છે! એમાં વળી પાપ શાનું?

ઋષિ : લોકોને દુઃખ દેવું અને તેમની ચીજ વસ્તુઓ જોર જુલમથી પડાવી લેવી, એ તો પાપ જ છે. મહાપાપ છે. એ પાપ તારે ભોગવ્યે છૂટકો!

લૂટરો : એવું તે હોય, મહારાજ? મારું લૂંટેલું ઘરનાં બધાંય ખાય અને પાપ હું એકલો શેનો ભોગવું?

ઋષિ : એ તો જૂના વખતથી એક નિયમ ચાલતો આવે છે કે કરે તે ભોગવે.

લૂંટારો : ના, ના, એવું બને જ નહિં. ઘરનાં બધાંય એ પાપનાં ભાગીદાર.

ઋષિ : તું તારે ઘેર જઇને પૂછી આવ કોણ કોણ એ પાપનાં ભાગીદાર થાય છે તેની ખાત્રી કરી આવ.

લૂટારો : હાં, હવે હું સમજ્યો. હું કાંઇ એવો ગાંડો નથી કે હાથમાં આવેલો દાવ જવા દઉં. હું ઘેર પૂછવા જાઉં, એટલે તમે અહીંથી ગણો અગિયારા 'વાહ! વાહ! કેવું કપટ આદરો છે?'

ઋષિ : તું મને આ ઝાડ સાથે બાંધીને તારે ઘેર પૂછવા જા. પછી કાંઇ છે? ત્યાં સુધી હું અહીં ઊભો છું.

લૂંટારો : હા, એ ઠીક છે!

લૂટારો ખભેથી દોરડું ઉતારે છે ને ઝાડ સાથે ઋષિને બાંધીને જાય છે.

પ્રવેશ બીજો

સ્થળ : રત્નાનું ઘર

લૂટારો : બોલો બાપા, આ લૂંટનું પાપ આપણાં બધાંનું સહિયારું ને?

બાપ : ના રે ભાઇ, એમાં સહિયારું શું? આજ સુધી મેં તને પાળ્યો પોષ્યો. હવે તારી ફરજ મને પાળવાની.

લૂટારો : (વિચાર કરતાં કરતાં મા પાસે જઇને) મા, મા, આ હું લૂંટ કરીને લાવું છું ને બધાંને પોષું છું. એનું પાપ તો બધાનું સહિયારું ને?

મા : ના રે, ભાઇ! એમાં તે વળી શું પૂછવાનું? તને કેટલે દુઃખે ઉછેરીને મોટો કર્યો. હવે તો તું આ બધાંને પોષે એ તો તારી ફરજ થઇ. એ તો કહેવત જ છે ને કરે તે ભોગવે.

લૂટારો : વાહ! વાહ! મહારાજનું કહેવું ખરું.

(ચપટી વગાડતો એ પાછો ફર્યો)

ત્રીજો પ્રવેશ



(ઋષિ લૂટારાને આવતો જુએ છે.)

ઋષિ : કેમ રત્ના શી ખબર લાવ્યો? પાપનાં ભાગીદાર ઘરનાં થશે ને?

લૂટારો : ના, મહારાજ, ઘરે તો કોઇ પાપ લેવાને તૈયાર જ નથી. આજ મને મારી ભૂલ સમજાઇ. દુનિયા સ્વાર્થની જ લાગે છે! હવે મને યોગ્ય માર્ગ બતાવો.

ઋષિ : રત્ના, આ ઝાડ નીચે બેસીને તું પ્રભુ ભજન કરજે. તારું કલ્યાણ થશે.

નારાયણ તું બોલ, મનડા! નારાયણ તું બોલ;
(રત્નો ઋષિને નમન કરે છે.)

રત્નો : (બેસીને, રામનામની ધૂન મચાવે છે.)

રામ રામ રામ, રાજા રામ રામ રામ (ટેક)
રામ નામે કામ થાશે, રાજા રામ રામ રામ : રામ
હવે છે આ છે મારું ધામ, રાજા રામ રામ રામ : રામ
પ્રભુ લે જે તારે ઠામ, રાજા રામ રામ રામ : રામ

## ૮ : લાલખાં

શૌર્યત્તેજક સૂરનું વાતાવરણ શરૂઆતમાં રાખવું, વારા ફરતી બે જણે જુદા જુદા છંદોને તાલ સૂર સાથે ગાવા

સવૈયા :-

પરદુઃખ ભંજક એક વીરનું, સંગીત રૂપક કહું છું.
માણસાઈને માર્ગે જાજો, રસભર વાણી વદું હું,
સાચી વાત બનેલી સૂણજો, શૂરાતનથી વણેલી,
ધર્મ બંધુને ધર્મ બ્હેનના, ભાવથી જેહ ભરેલી.

ચોપાઈ :-

આણંદ પાસે છે પેટલાદ ગામ, ગાયકવાડી કસબાનું ઠામ;
રહે પઠાણ લાલખાં નામ, ઢાલ તલવાર સાથે કામ,
ધનુષ બાણથી લડતો એ શૂરો લકડીપટ્ટામાંહે પણ પૂરો,
માથે ફાળિયું, છોગલે પાઘ, હાક વાગે જાણે આવ્યો વાઘ.

અનુષ્ટુપ :-

દીકરી ત્યાં રહે એક, પ્રભુદાસ પટેલની,
કુમળી ને સુશીલા એ, રૂપરૂપતણી પરી.





હરિગીત :-

નામ એહનું મધુ મધુરું, અંગ અંગથી શોભતી,
નડિયાદ એની સાસરી, કૈં ખાનદાન ઘરે હતી.
નવલા દિનોમાં તેડવાને રાત રઘલો આવિયો,
ઘટનાં સહુને હૃદય મનથી રાત રઘલો ભાવિયો.

અનુષ્ટુપ :-

વળાવે માત ને તાત, તૈયારી સઘળી કરી,
દાગીના લૂંગડાં સાથે, કમી ના કંઇ ના રહી.

સવૈયા :-

માફો જોડ્યો બળદ જોડથી, વળાવિયા જણ બે રાખ્યા,
મધુ બ્હેનડી માફે બેઠી, વળાવવાને સહુ ચાલ્યા.
ગામ તણી ભાગોળે આવી, અશ્રુ સહ વંદન કીધાં,
હોશ હૃદયમાં, નવલા ભાવે, આશીર્વચનોને લીધાં.

અનુષ્ટુપ :-

લાલખાંને હતું કામ, સગાં સંબંધી સંગમાં,
સજીને ઢાલ ને શસ્ત્રો જતો'તો એ જ માર્ગમાં.

માલિની :-

ધમ ધમ ધમકારો, ઘૂઘરાનો થતો ત્યાં,
ઠમક ઠમક પૈડાં, થાય માર્ગે મઝાનાં,
છમ છમ છમ માફો, ચાલતો તાલમાં જ્યાં,
ડચ ડચ ડચકારો હાંકનારો કરે ત્યાં.

અનુષ્ટુપ :-

બાર ગાઉ ગયો માફો, લાલખાં મળિયો ત્યહીં,
ચાલતો આગળ એ કૈં — અંતર રાખીને ત્યહીં.

સવૈયા :-

આવ્યો મારગ જંગલ કેરો, નિર્જન ને ગંભીર ઘણો,
વડદાદાને છાંયે કોળી લૂંટારું કેરો ભય છે ઘણો;
ગામ સીમમાં હાક પડી'તી બ્હારવટે કૈં નીકળ્યાની,
ઘોડા દોડાવે, રંજાડે, લૂંટો ધાડો પાડ્યાની.
બાર જણેથી એક નીકળ્યો, તાણીને તલવાર તહીં,
ખબરદાર! એ માફાવાળા! ઊભી વ્હેલને રાખ અહીં.
ઓચિંતી આફત આ જોઇ, ચોંક્યા ચોકીદારો ત્યાં,
પકડી બાંધ્યા થડની સાથે, રઘલો થર થર ધ્રુજે ત્યાં.
રઘારાતનું હૈયું ફફડે, તાવ તણી ટાઢ આવી!
આમ નાસું કે પાછો ભાગું, લાગી ના કોઇ કારી.
બળદ બાપડા જોતા ઊભા, આંખો ફાડીને ઘેરી.
સૌના મનમાં એક જ ચિંતા, ક્યાંથી આવ્યા આવેરી?
મધુ બ્હેનડી થરથર ધ્રુજે, માફેથી ઊતરવા ચહે,
ઈશ્વરને આરાધે ઉરમાં, લાજ રાખજે મનમાં કહે.

અનુષ્ટુપ :-

પઠાણ ઝાડની નીચે બેઠો સાથ મહીં જવા,
સૂણ્યા ના ઘૂઘરા કંઇ, વિચારે મનથી ખરા.

મંદાક્રાન્તા :-

ત્યાં તો બોલ્યો નયન નચવી, એક ભૂંડો લૂટારું,



ઊતારી દે, સરવ જણસો, જો ચહે હિત તારું,
જોઇ છે આ, ચકચક થતી, વાંકડી ચંડી મારી?
છે ના કોઇ, અમ વિણ બીજું, સ્હાય કાજેય તારી!

અનુષ્ટુપ :-

જાણતીતી મધુબ્હેની, લાલખાં ભાઇ જાય છે.
હશે એ આટલામાં કૈ, અંતરે એમ થાય છે.

ગીતિ :-

હેયે હિંમત રાખી, ઊતારતી એ અંગથી દાગીના
ધ્રુજતે હાથે મૂકે...લૂટારું, લોભે જોતા દાગીના.

સવૈયા :-

શરત મૂકાવી મધુ બ્હેનડી, દડબડ દડબડ મૂકે દોટ,
જીવનું રક્ષણ કરવા કાજે, બળ કેરો કીધો છે કોટ,
દોડો ભાઈ મને બચાવો, લૂંટે છે આ લૂંટારું.
બહેન તમારી ધર્મ તણી હું, લૂંટાઉ એ શું સારું?
હુક્કા પીતા પઠાણજીએ ભય કેરી બૂમો સુણીને,
વાઘ તરાપે દોડ્યો પાછો, અસિ હાથમાંહે લઇને.
ધીરજ રાખજે બ્હેની મારી, જીવતો છું હું જ્યાંય,
નથી દેખતો બાલ તાહ્યરો વાંકો કરતો હું કો'ય.

અનુષ્ટુપ :-

ધ્રુજતી બ્હેનડી આવી, લાલખાંની પૂઠે ઊભી,
ઢાલ જ્યાં હોય ધિંગી ત્યાં ચિંતાની પરવા કશી?

સવૈયા :-

દડબડ દોટે બીજા લૂંટારું, આવે દોડ્યા દોડ્યા બહુ,
શ્વાસ ભરાયે, પડતા નીચે, તો યે દોડે લોભે સહુ.
હતા દાગીના મધુ બ્હેનને અંગે બાકી ઘણા બધા,
શિકાર હાથે આવ્યો ચૂકે, જગમાં એવો કોણ ભલા!?

અનુષ્ટુપ :-

ઊભા રહેજો બધા ત્યાંહે, પઠાણે ગર્જના કરી,
બાયલાને નમાલા છો, બતાવું શક્તિ માહ્યરી.

હરિગીત :-

બાર સામે એક ઝૂઝે ને ધસો તલવાર લઈ,
બેય પાંચ ને આઠ પાડ્યા, સુધસાન જતી રહી!
કૈં સામસામી ઘા થયા ને ચાર નાઠા જીવ લઈ,
લોહીની ધારા વહેતી લાલખાંના હાથથી.

અનુષ્ટુપ :-

મૃત્યુ ઘેલો કરે શું ના? હિંમતે વસતા વિભુ,
દઢતાથી થતું શું ના? ધૈર્યમાં બળ છે ઘણું.

મંદાક્રાન્તા :-

હાશ નો દમ ખેંચિયો ને બાજી ત્યાં પલટાઈ ગઈ,
બીક, ભય ને તન ધ્રુજરી સર્વની ત્યાં જતી રહી.
આઠ માથાં લટકતાં લઈ ચાલિયો માફો રૂડો,
લાલખાંને સાથ લીધો, ઘાવ બાંધી શરીરનો.

અનુષ્ટુપ :-

હૈયાની આશિષો દેતી, મધુ એ ધર્મ ભાઈને,
નથી કૈં ધર્મના ભેદો, માનવીને મૃદુ હૃદે.





તોટક :-

આફતનાં વાદળ વિખરાયાં,
આનંદથી મનડાં હરખાયાં,
નડિયાદ મુકામે વહેલ ગઈ,
સઉને અંતરિયે શાન્તિ થઈ.

અનુષ્ટુપ :-

મધુ બ્હેની ઘરે પહોંચી, વાત સૌ સમજી ગયાં,
શાબાશી ના સૂરો આવે, મુખડાં હસતાં થયાં.
રૂઝાવ્યા ઘાવને પૂરા, ચાકરીય પૂરી કીધી,
માન સાથે વળાવ્યો છે. લાલખાંને રૂડી વિધિ.

## ૯ : પીરમ પિંજારો

ટ્રેં ટફ, ટ્રેં ટફ, ટ્રેં ટફ,
ટ્રેં ટફ, ટ્રેં ટફ, ટ્રેં ઢફ.
ટ્રેં ટફ, ટ્રેં ટફ શું?
દેડકાંની વાણી શું?
ના, ના, ના.

બાળકો : દેડકાં બોલે ડરાઉ, ડરાઉ.
એ બોલે છે ટ્રેં ટફ, ટ્રેં ટફ.

એક બાળક : તો આ છે શું?

બીજો બાળક :

આ છે પરમ પિંજારો
રૂ પિંજવાનો ઈજારો.
પીંજણ બોલે ટ્રેં ટફ,
રૂના ગોટા ફૂફા ફૂફા!
પિંજારો છે શરીરે પૂરો,



રૂ પીંજવામાં છે શૂરો,
ગાંધીબાપુનો એ લહાલો,
સાચું જીવન જીવનારો.

એક બાળક :

બોકડાની દાઢી જેવી,
દાઢી એની લાંબી, લાંબી
એ તો દાઢી કેરી દાઢી,
ને સાવરણીની સાવરણી.
ગામની ભાગોળે રહે, રૂં
પિંજીને મજૂરી લે,
ઘરડા પણ સશક્ત હતા,
પીરમકાકા ભલા હતા.
ખાંધે પીંજણ ભરવે એહ,
લાઠી લઈને નીકળે જેહ.

બાળકો :

સંતાઈએ ગાડામાંહ્ય,
મોઢું બંધ કરીઓ તાંહ્ય.
પછી કહીએ ટ્રૅં ઢફ, ટ્રૅં ઢફ.

એક બાળક :

પીરમકાકા છોડે લય,
મનમાં મનમાં કામનો જપ.
જાણે હાથી ચાલ્યો જાય,
ભસતાં કૂતરાંથી શું થાય?

બીજો બાળક :

બોલાવે કોઇ કાકા કહી,
ગાદલિયાં ભરવાં છે અહીં.
કાકો કહે હું તકિયા ભરું,
વળતાં સાહેબ આવી મળું.

રૂ કાઢીને તપવો જરા,
સાફ સૂફીને કરજો ખરા.



એક બાળક :

પીંજણને અદ્ધર એ બાંધે,
ગોટીલો ને તાંતને સાંધે;
રૂનો ગાભો નીચે હોય,
ધોળો ધોળો કેવો સ્હોય!
ડાબે હાથે ગોટીલો ને,
જમણે હાથે ગાદી;
ડફાંક દઈને કૂદકો મારે,
રૂની ત્યાં બલિહારી!
તાંતમાં રૂભરાયને ઊડે,
જાણે વાદળ નભને કૂંડે.

બીજો બાળક :

ઊડ્, ઊડ્, ફૂટ, ફૂટ ફેં,
ઉફ, ઉફ, ફટ ફટ ફેં.
અવાજ સૂણતા થઈએ રેં,
અમે બોલીએ ફૂટ ફૂટ ફેં.

એક બાળક :

પીરમકાકા વાત કહું?

બીજો બાળક :

કહેને ભાઇ હું સાંભળું છું.

એક બાળક :

મને આપશો ગોટીલો?
રૂનો ઢગલો કરૂં ઢીલો.

બીજો બાળક :

હા, ભાઇ, હા. શાને કહું હું ના?

એક બાળક :

ધોકા શો ગોટીલો લીધો,
તાંત ઉપર મેં ધાને કીધો,
થયું નહીં ત્યાં ઢૂં ઢફ!
થયું નહીં ત્યાં ફૈં ફટ!
તાંતે રૂનો તાંત ભરાય,
ઊંચું નીચું રૂ ના થાય!

બીજો બાળક :

ખસો અલ્યાં સૌ છોકરાં!
છાશ પીએ શું છોકરાં?



એક બાળક

ત્યાં તો તાંત તડાકો કરે,
બંદૂકની ગોળી જ્યમ છૂટે.
ઘેરો ઘાલીને સૌ હસે,
પીરમકાકા ધીરજ ધરે.
આંટા ફેરવી તાંત સમારે,
મોંઢે ના હોય ક્રોધ લગારે.
પડે ગોટીલો તાંત પરે,
તાંત બિચારી ઢૂં ઢફ કરે.
ઊડા ઊડના જામે તાલ,
પૂંમડા કેરો ના'વે પાર!
કાળી દાઢી ધોળી થાય,
રૂનાં પૂમડાં માંહી ભાઇ.
રૂનો ઢગલો ઊંચો થાય,
જાણે વાદળ તરતાં જાય.
રેશમ જેવું રૂ એ કરે!
કેવું હલકું ફૂલ એ બને!
ઢગલાને એ કોરે, કરે,
કચરો વાળી સાફ જ કરે,
પાટલી ઉપર પૂણીઓ કરે.

પૂણીએથી સૂતર નીકળે.
સૂતર કેરૂં કાપડ થાય,
બાળ એ પ્હેરી હરખાય.
અને બીજું શું કરે?

બીજો બાળક:

રૂ ગાભાના ગોદડાં ભરે,
ઉશિકાં ને તકિયા ભરે.
લાકડીથી એ ટીપે જ્યાંય,
મને થાય કે ટીપું હુંય.
સરખું ગાદલું કર્યા પછી,
ટપ ટપ ટાંકાં દે કરથી,
ટાંકાની તો સુંદર ભાત,
જોઇ રહીએ એની જાત.
પીરમકાકા બહુ ભલા,
હસે હસાવે કરે મઝા.
ચા પાઈએ તો પીએ નહિ,
ખાધા વિણ કંઈ વ્યસન જ નહિ!
રસ્તે મળતાં ભૂલે ના, અને.
કેમ, તાંત તું વિલવે નાં?
આવડે નહિ તે શું કરીએ?
ઊભા ઊભા હસી પડીએ.
જરાક ટપલી માથે દઈ,
કાકા જાયે બીજે કેંઈ,
પીરમકાકા શેં ભૂલાય,
હેત એમનું તાજું થાય.



તાંત તૂટે એ ના સમજાય,
જીવનમાં પણ એવું થાય,
પીંજણની સેવાથી સુખ,
દૂર કરે સૌ પરનાં દુઃખ

આવો કરીએ સાંપી કામ,
અત્યારે આરામ હરામ.
કર્તવ્યે છે દેશની શાન,
એ જ આજનું સાચું જ્ઞાન.

## ૧૦ : સ્વાતંત્ર સંગ્રામના સેનાનીઓ

પાત્રો :- દાદાભાઈ નવરોજજી, લોકમાન્ય ટિળક, લાલા લજપરાય કમળા નહેરું, સુભાષચંદ્ર બોઝ, સરોજિની નાયડૂ, સરદાર પટેલ, મહાત્માજી, કસ્તુરબા, નારદમુનિ

સ્થળ :- સ્વર્ગમાંનું સ્વરાજ્ય ભવન

સમય :- રાત્રિનો.

ચારે બાજુએ રોશનીનો પ્રકાશ ઝળહળે છે. ઘંટાનાદ થાય છે. નોબત ગડગડે છે. ને શંખો ફૂંકાય છે. ખંજરી અને ઢોલકના નાદ પણ સંભળાય છે.

એક બાજુ દાદાભાઈ, મહત્મા ગાંધીજી અને સરદાર પટેલ બેઠા છે.

બીજી બાજુએ કમળા નહેરું, લોક માન્ય ટિળક, કસ્તૂરબા, લાલા લજપતરાય અને સરોજિની નાયડૂ વગેરે બેઠો છે. વચ્ચે રેંટિયો



ગુંજારવ કરતો ફરે છે.

(નેપથ્યમાંથી વંદેમાતરમ્‌નું ગીત ગવાય છે.)

‘‘વંદે માતરમ્
સુજલામ, સુફલામ્,મલયજ શીતલામ્,
શસ્ય શ્યામલામ્ માતરમ્....વંદે...
શૂભ્ર જ્યોત્સ્ના પુલકિત યામિનીમ્,
ફુલ્લ કુસુમિત દ્રુમદલ શોભિનીમ્,
સુહાસિનીમ્, સુમધુર ભાષિણીમ્,
સુખદામ્, વરદામ...માતરરમ્...વંદે’’

સરદાર પટેલ : વંદન બાપુજી, આપણે સર્વેએ આઝાદીની ઉષાનાં દર્શન કર્યાં.

મહાત્માજી : સરદાર, તમારા કાન બહુ સરવા લાગે છે. (સ્હેજ ધ્યાનથી સાંભળીને) હા, હા, વાત સાચી છે, પણ ચોક્કસ તપાસ કરો એ શાનુ પર્વ છે?

સુભાષચંદ્ર : બાપુજી, વંદન. જયહિંદ.

મહાત્માજી : ભાઈ સુભાષ, જયહિંદ. કેમ કાંઈ નવીન સમાચાર છે? તમે ક્યાંથી આવો છો?

સુભાષચંદ્ર : હું હરિદ્વારથી આવતો હતો. રસ્તામાં દિલ્હીનું મેં અવનવું દૃશ્ય જોયું. શી રોશની કરી છે. મઝાની, દિવાળીની રોશની તો એની આગળ કંઇ વિસાતમાંય ન ગણાય. અને શાં મઝાનાં સુશોભનો કર્યાં છે! હું તો જોઈને દંગ જ રહી ગયો.

મહાત્માજી : જોયું સરદાર, આ સુભાષ કાંઈ નવીન સમાચાર લાવ્યા છે. કેમ સુભાષ એવો તે ક્યો અવસર છે. ભારતને આંગણે આજે?

સુભાષ : બાપુજી, આંજે તો આપણા ભારતવાસીઓ અઢારસો સત્તાવનની સ્વાતંત્ર્ય શતાબ્દિનો મહોત્સવ ઉજવે છે. ઠેર ઠેર વિવિધ પ્રકારની રમઝટભરી તૈયારીઓ થઈ ચૂકી છે. સંવાદો ને ગીતો, રાસ ને આરતીઓનાં મંડાણ મંડાયાં છે. જૂના ઈતિહાસને અંગેનાં પ્રવચનો પણ થશે. આપણા જવાહરલાલ આનંદપૂર્ણ મુખડે હસતાં હસતાં ઝટપટ ઘૂમી રહ્યા છે.



મહાત્માજી : ભાઈ સુભાષ, ઘૂમેજ ને. એ જવાહર હવે કંઈક એકલો પડ્યો. આપણા જેવા અહીં શાન્તિ અનુભવીએ છીએ. પણ એને તો સારાય દેશની અને વિદેશની ચિંતા છે. છતાંય એના ઉત્સાહની વાતો જ્યારે સાંભળું છું. ત્યારે ભારતને માટે ધન્યતા અનુભવું છું.